**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૪ ટકા

# શહેરમાં કોરોના ઉપરાંત અન્ય બિમારીઓમાં ઉછાળો

## ભેજવાળા વાતાવરણમાં મચ્છરજન્ય રોગો, તાવ, વાઈરલ ઈન્ફેકશન, દાદર જેવા રોગો વધ્યા : ખાનગી તથા સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં તાવ અને વાઈરલ બિમારીઓમાં વધારો થયો છે. વરસાદી માહોલના કારણે ભેજવાળું વાતાવરણ રહેવાથી મચ્છરજન્ય રોગચાળો ધીમી ધારે વધી રહ્યો છે. ખાનગી હોય કે સરકારી હોસ્પિટલો હોય સામાન્ય તાવ અને વાઈરલ ઈન્ફેકશનના કેસો વધી રહ્યા છે. એક તરફ કોરોના પણ એક એક ડગલા ઉપર વધી રહ્યો છે તો બીજી તરફ ઋતુગત બિમારીથી શહેર પીડાઈ રહ્યું છે. હજી તો ચોમાસું રાબેતા મુજબ શરૂ પણ નથી થયું ને શહેરીજનો નાની-મોટી બિમારીઓમાં ભરડાઈ રહ્યા છે.



જેના કારણે ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં દર્દીની ઓપીડીની લાઈન લાગી રહી છે ત્યારે સિવિલમાં દર્દીઓથી મેડિસીન વોર્ડમાં પણ લાઈનો થઈ રહી છે. અત્યારથી જ શહેરમાં બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે તો ચોમાસામાં કેવી હાલત રહેશે.

ગાંધીનગરમાં ઠેર ઠેર નાના મોટા ખોદકામો ચાલી રહ્યા છે તો ખાનગી બાંધકામોની પણ ભરમાર છે તેવી સાઈટો ઉપર તથા હાલમાં ઘણા વિસ્તારોમાં પાણીની પાઈપલાઈનોમાં ભંગાણ થવાથી અઢળક પાણીનો વ્યય જોવા મળી રહ્યો છે. જેમાં રહેણાંક વિસ્તારોમાં પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે તેવામાં પાણીજન્ય રોગચાળો પણ ફેલાઈ રહ્યો છે. સાઈટો પર તથા પાણીના ભરાયેલા ખાબોચિયાને લીધે મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધતા મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. કોરોનાના કેસો વધવાની સામે આ મચ્છરજન્ય રોગચાળો પણ વધતા શહેરીજનો રોગચાળાના ભરડામાં છે. રોગચાળાને લીધે સિવિલ તથા ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ખાનગી મેડિકલોમાં પણ સામાન્ય તાવ, શરદી, ખાંસી જેવા લક્ષણોના દર્દીઓની દવાઓનું વેચાણ વધવા પામ્યું છે. સામાન્ય તાવમાં પણ શહેરીજનોને ભયનો માહોલ સેવાઈ રહ્યો છે કારણ કે કોરોનાનો કહેર પણ શહેરમાં ચાલી રહ્યો છે. જેમાં સામાન્ય રીતે શરદી, ખાંસી, તાવ જેવા જ લક્ષણો પહેલાં જોવા મળતા હોય છે તેથી દર્દીઓમાં ભયનો માહોલ છે.

**તાજેતરમાં સિવિલમાં ઈન્ફેકશન કંટ્રોલ ટીમની મીટીંગ પણ મળી હતી. કારણકે શહેરમાં વાઈરલ ઈન્ફેકશન તથા વાતાવરણમાં રહેલા ભેજના કારણે તથા ઈન્ફેકશનનું પ્રમાણ વધ્યું છે. જેમાં મહિલાઓને ભેજના કારણે દાદર અને ફોલ્લીઓ, ખંજવાળ જેવા લક્ષણો વધુ જોવા મળી રહ્યા છે.**

# જીઆઈપીએસમાં વૃક્ષારોપણ દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં ૨૨ જૂન શનિવારના રોજ 'વૃક્ષારોપણ દિન' ની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના પ્રાગણમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ વૃક્ષારોપણ કરી વિદ્યાર્થીઓને 'પર્યાવરણ જાગૃતિ' નો સંદેશ પાઠવ્યો હતો. વિવિધ વૃક્ષ વિશે તેમજ તેની ઉપયોગિતા વિશે વિશેષ જાણકારી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વધુમાં વધુ વૃક્ષો વાવવાં તેમજ જતન કરવા માટેની પૂર્ણ તૈયારી બતાવી હતી.

# જે.બી. પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૨૫

જે.બી. પ્રાથમિક શાળામાં નવા દાખલ થયેલા ધોરણ-૧ના બાળકોનાં પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

'વિદ્યા અમારી શકિત છે, વિદ્યા અમારી ભકિત છે, વિદ્યા અમારી સંપત્તિ છે.' 'દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો.' જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. અને દરેક બાળકે વિદ્યાની દેવી માં સરસ્વતીને વંદન સહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઈ કાર્યક્રમને અનોખો રંગ આપ્યો હતો અને કાર્યક્રમને દિપાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શાળાનાં આચાર્ય, સુપરવાઈઝ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવી તેજસ્વી બને અને શાળા તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતા.



ગાંધીનગરમાં ગટર પાણીની પાઈપલાઈન નાખવાનું કામ ઘણા સમયથી ચાલી રહ્યું છે. નાના ગ-૨ ચાર રસ્તા પાસે મોટા ખાડા ખોદેલા છે અને માટીના ૭/૮ ફુટ ઉંચા માટીના ઢગલા કર્યા છે. ચોમાસાની ઋતુની શરૂઆત છે. સીનીયર સીટીઝનોને અવરજવર કરવામાં તકલીફ પડે છે અને જાનહાની/ ફેક્ચર થવાની સંભાવના છે. આથી મહાનગરપાલિકા દ્વારા આ કામ સત્વરે પૂર્ણ થાય તેવી તંત્રને ગાંધીનગર વસાહત મંડળ દ્વારા વિનંતી કરવામાં આવી હતી.

# બોરીજ ખાતે સોશિયલ એક્ટિવિટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક સ્વ-રક્ષણ તાલીમ સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૫

તાજેતરમાં સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે સોશિયલ એક્ટિવિટી ચેરિટેબલ ટ્રસ્ટ થકી નિ:શુલ્ક ત્રિદિવસીય સ્વ-રક્ષણ તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વ-રક્ષણ બાબતે તાલીમ આપી જાગૃત કરવાના લક્ષ્ય સાથે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી, પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ તથા નેશનલ ચેમ્પિયન અને ૧૮ વર્ષના અનુભવી મિલાપ ટાટારિઆ દ્વારા ત્રિદિવસીય નિ:શુલ્ક સ્વ-રક્ષણની તાલીમ ખુબજ સરળ રીતે તમામ ભાઈઓ અને દિકરીઓને પ્રેક્ટિકલી બતાવવામાં આવ્યું હતું સાથે સ્વ-રક્ષણ વિશે જાણકારી અને જરૂરી માર્ગદર્શન આપી તેમને જાગૃત કરવામાં આવ્યા હતાં.




સરકારી પ્રાથમિક શાળાનાં પ્રિન્સિપાલ કાશ્મીરા વ્યાસે જણાવ્યું હતું કે, દિકરી સ્વ રીતે પોતાનો બચાવ કરી શકે એટલી સક્ષમ આજના સમયમાં આપણે દરેક બાળકીને બનનાવવી જરૂરી બની ગઈ છે ત્યારે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે, પોતાની સુરક્ષા માટે છેલ્લાં શ્વાસ સુધી લડી લેવાની હિંમત જ તમને સુરક્ષિત કરી શકે છે. ડર્યા વગર યોગ્ય તકની રાહ જુઓ. સાથે એ પણ ધ્યાન રાખો કે, એવી કઈ બાબતો અત્યારે તમારી સાથે છે જેનો તમે તમારી સુરક્ષા માટે ઉપયોગ કરી શકો છો.

# ગુજરાત પોલીસવિભાગ તેમજ બીબીએ કોલેજના સંયુક્ત ઉપક્રમે નશાથી થતાં વિનાશ બાબતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ)ના ૭૫ વિદ્યાર્થીઓ ગુજરાત પોલીસ વિભાગ તેમજ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના સંયુક્ત ઉપક્રમે નશાથી થતાં વિનાશ બાબતે જાગૃતિ કાર્યક્રમમાં જોડાયા હતા. ગુજરાત પોલીસ વિભાગ તરફથી ડ્રગ્સ એબ્યુસ દિવસ અન્વયે સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપના સહયોગથી સંપૂર્ણ કાર્યક્રમ આયોજિત થયો હતો. જેમાં એસ.એસ.પવાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા. બેનર તેમજ પેંફ્લેટ વહેંચી વિદ્યાર્થીઓ ને જાગૃત કરવામાં આવ્યા હતા. સાથે સાથે વિડીયો તેમજ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.




તેમની સાથે એમ.જે ચૌધરી, જશુભાઈ રાઠોડ તેમજ સુરેશસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપાચાર્ય કોલેજ તરફથી ડો.જયેશ તન્ના દ્વારા ઉપરોક્ત કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાવા માટે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુવાનોને પ્રતિજ્ઞાબદ્ધ થઈ સમાજને નશામુક્ત બનાવવા જણાવ્યુ હતું. તેમજ આજના કાર્યક્રમમાં નશામુક્ત વિશ્વ અને ભારત બનાવવા ની પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક ખાતે 'અલવિદા-૨૦૨૨'ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૫

શ્રીસ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ટ્રસ્ટીના આશીર્વાદ, પ્રિન્સીપાલ, ડાયરેક્ટરના માર્ગદર્શન હેઠળ ''અલવિદા-૨૦૨૨'' નું આયોજન કરવામાં આવ્યું હતું. ''અલવિદા-૨૦૨૨'' માં અંતિમ વર્ષના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

જેમાં વિદ્યાર્થીઓ દ્વારા તેમની કોલેજના યાદગાર પળો નું વિડિયો દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં તેમને થયેલા અનુભવો અને સંસ્થાના સ્ટાફે તેમના અભ્યાસ દરમ્યાન કરેલી મદદને વર્ણવી હતી. આ પ્રોગ્રામમાં સંસ્થાના આચાર્યશ્રી અને એકેડમિક ડાયરેક્ટર દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ મેળવી અને જીવનમાં અગ્રેસર બની સંસ્થાનું નામ ઉજ્જવળ કરે તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




શાહપુર પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીના સેક્રેટરી અવંતિકા સિંઘ હાજર રહ્યા હતા. તેમની સાથે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુરજ બારોટ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડો. હિતેશ દવે ખાસ હાજર રહ્યા હતા. ગામમાં દાતાશ્રીઓ તરફથી રોકડ અને વસ્તુ મળીને એક લાખથી વધુની કિંમતનું દાન એકત્ર થયું હતું. ગામના અગ્રણી હસમુખભાઈ પટેલ તરફથી શાળાના તમામ બાળકોને મિષ્ટાન સાથેનું ભોજન આપવામાં આવ્યું હતું. મહેમાન અવંતિકાસિંઘ દ્વારા શાળાના ધોરણ ૧ ના બાળકોને, આંગણવાડીના બાળકોને શૈક્ષણિક કીટ આપીને તેમને વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# લાયોનેસ ક્લબ દ્વારા ધોળાકુવા આશ્રમશાળામાં પગરખાં વિતરણ

ગાંધીનગર, તા.૨૫

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન સતત સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહે છે તેના ભાગરૂપે ધોળાકુવા આશ્રમ શાળાના ૧૦૪ બાળકોને પગરખાં વિતરણ કરવામાં આવ્યા હતા. આ સાથે બાળકોને નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શાળાનું નવું સત્ર શરૂ થઈ રહ્યું છે એ દરમિયાન આશ્રમ શાળામાં ભણતા આર્થિક રીતે નબળા પરિવારના અનેક બાળકો




પાસે પગરખાં ન હોવાની જાણ લાયોનેસ કલબને થઈ હતી. લાયોનેસ પ્રમુખ નીતાબેન રાણાએ તરત જ ૧૦૪ જેટલા બાળકોને પગરખાં વિતરિત કરવાનો નિર્ણય લીધો હતો. લાયોનેસ ક્લબ દ્વારા ગત ૨૪મી જૂનના રોજ ધોળાકુવા સ્થિત આશ્રમશાળા ખાતે પગરખાં વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ક્લબ પ્રમુખ નીતા રાણા, સેક્રેટરી ઉષાબેન ટાટુ તથા શાળા પરિવારના શિક્ષકો હાજર રહ્યા હતા.




નેચર ફર્સ્ટ ની ટીમ દ્વારા ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં પ્લાસ્ટિકનું પ્રદુષણ રોકવા પ્લાસ્ટિકનો કચરો વીણવાનું અભિયાન ચાલે છે. ૪૮માં અઠવાડિયા અંતર્ગત અન્નપૂર્ણા ધામની આસપાસ પ્લાસ્ટિકનો કચરો વીણવાનું કાર્ય કરવામાં આવેલ. એમાં નારણભાઈ પટેલ, હિમાંશુભાઈ પટેલ, જીલુભા ધાંધલ, કુમારભાઈ અને અગ્રણીઓએ ભાગ લીધો હતો.



એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં યોગા ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને યોગ વિશે માહિતી આપી હતી તથા યોગથી થતાં ફાયદા વિશે ખૂબ જ સારી સમજણ આપી હતી અને બાળકોએ પણ યોગા કરીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



ઝલક ઉજ્જવલ વૈશ્યક



વિવેક વિપુલભાઈ જોષી
મો. ૯૮૭૯૬ ૯૦૯૩૬



સંજય જે. શાહ
મો. ૯૮૨૫૩ ૮૧૦૧૫

# દસ વર્ષથી નાની તમામ દીકરીઓ નું પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલી આપવાનું ખાસ અભિયાન

ગાંધીનગર, તા.૨૫

તારીખ ૧૬ જૂન ૨૦૨૨ના રોજ ભારતીય ટપાલ વિભાગ દ્વારા સુકન્યા સમૃદ્ધિ યોજનામાં ૧૦ વર્ષથી નાની તમામ બાળકીઓને આવરી લેવાના ઉદેશ્યથી ભારત સરકારના માનનીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણના વરદ હસ્તે સેલવાસ ખાતેથી 'મારી દીકરી સમૃદ્ધ દીકરી' અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ બાબતે ગાંધીનગર લોકષભા મત વિસ્તારમાં સમાવિસ્ટ ગાંધીનગર ઉત્તર, કલોલ, બાવળા તથા સાણંદ તાલુકાની જાહેર જનતાને ધ્યાન પર લાવવાનું કે અમિતભાઈ શાહ, ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી દ્વારા તેમના મત વિસ્તાર માં આવતી દસ વર્ષથી નાની તમામ દીકરીઓ નું પોસ્ટ ઓફિસ મા સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલી આપવાનું ખાસ અભિયાન શરૂ કર્યું છે, આ ખાતું ખોલવાની પ્રારંભિક રકમ રૂપિયા ૨૫૦/- દાતા તરફથી જમા કરી આપવામાં આવશે. આ ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ જેમકે દીકરી નું જન્મ પ્રમાણપત્ર, વાલીનું પાનકાર્ડ અથવા આધાર કાર્ડ તેમજ ફોટા સાથે ઉપરના તાલુકાની કોઈપણ હેડ પોસ્ટ ઓફિસ, સબ પોસ્ટ ઓફિસ કે બ્રાન્ચ પોસ્ટઓફિસ માં જઈને દસ્તાવેજ રજૂ કરીને તારીખ ૫.૦૭.૨૦૨૨ સુધીમાં ૧૦ વર્ષ થી નાની દીકરીનું ખાતું ખોલી શકાશે. આ તારીખ પછી વિના મૂલ્યે ખાતું ખોલી આપવામાં આવશે નહીં જેની જાહેર જનતા એ નોંધ લેવી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ત્રિવેદી પરાગભાઈ નટવરભાઈ, ઉ.વ. ૪૭, વાવોલ
- સ્વ. ભટ્ટ કમલેશ વસંતરાય, ઉ.વ. ૬૬, સેકટર-૧
- સ્વ. ઠાકોર મુળચંદજી બબાજી, ઉ.વ. ૭૦, ચાંદીસણા, માણસા
- સ્વ. રાવલ નિખિલચંદ્ર મનહરલાલ, ઉ.વ. ૫૮, સેકટર-૨
- સ્વ. સોલંકી હેમકુંવરબા હાલુભાઈ, ઉ.વ. ૮૩, સેકટર-૧
- સ્વ. શર્મા દેવેન્દ્ર રામચંદ્ર, ઉ.વ. ૬૪, સેકટર-૨૪